"ઓ હો... છેલ્લે છેલ્લે તો તમે તુટી જ પડ્યા હોં..!"

'શેમાં તુટી પડ્યા..?! ક્યાં તુટી પડ્યા..?!"

"અરે ગૌરવયાત્રાની વાત કરૂ છું..! છેલ્લા બે દિવસમાં તો ધાડે ધાડા..! મુખ્યમંત્રીઓ અને કેન્દ્રિયમંત્રીઓથી ગૌરવયાત્રા ગજાવી દીધી હોં..!"

"પણ મને સમજાવો તો ખરા આમાં તમને તકલીફ ક્યાં પડી..?! અમે અમારૂ કામ કરીએ છીએ..! અમારી પાસે મુખ્યમંત્રીઓ અને કેન્દ્રિય મંત્રીઓ હોય તો પ્રચાર કરે જ ને..?! આમાં આટલી બધી અદેખાઈ શાની..?!"

"કોઈ અદેખાઈ નથી... તમ તમારે જેમ બરાડા પાડવા હોય તેમ પાડો... જેને બોલાવી પડાવવા હોય તેને પડાવો..!! પ્રજા સમજી ગઈ છે..! તમે યોગીને લાવ્યા... તમે વસુંધરા રાજને લાવ્યા... તમે સુષ્મા સ્વરાજ અને રાજનાથસિંહને લાવ્યા... શું ફર્ક પડ્યો..?! છાપાની હેડલાઈન સિવાય..?!"

"હં...અ... એ તો તમારા ઈટાલીયન ચશ્મા છે ને ?! એટલે ફરક નહિ દેખાય..!! પ્રજા કદાચ અમારાથી નારાજ થઈ હશે..! પણ તમારામાં વિશ્વાસ મુકે એ વાતમાં દમ નથી..!!"

"વિશ્વાસ-અવિશ્વાસની વાત તો દૂરની વાત છે. અત્યારથી જ અસલામતી તમે અનુભવો છો..! એટલે ચૂંટણીની તારીખો અટકાવવાના ઈશારામાં દમ છે... મંત્રીઓના ધાડેધાડા તમારે બોલાવવા પડે છે. અને પ્રધાનમંત્રીના કાર્યક્રમોમાં પણ હજી અવઢવ છે..! આ બધુ જ તમારી અંદર પડેલો ભય દેખાડે છે..! પણ આ બધું જ બધાને સમજાય છે..!"

"શું ધૂળ સમજાય છે..?! ચૂંટણીની તારીખો ચૂંટણીપંચ નક્કી કરે છે..! પ્રધાનો એમના કાર્યક્રમ મુજબ આવે છે..! અને પ્રધાનમંત્રીનો કાર્યક્રમ દેશ-વિદેશોના રોકાણો ઉપર આધારીત છે..! આમાં તમારો એકેય તર્ક કામનો નથી..!! તમારૂ કામ છે ભરડે રાખવાનું..!!

"રહેવા દો હવે ફાંકા માર્યા વગર..! બહુ થયું..!! પેલા યોગીના રોડ શૉ અને રાજનાથસિંહની સભાઓના ફોટાઓ જોજો... એટલે બધાય જવાબ જડી જશે..!! અને સ્થાનિક નેતાઓને તો કોઈ સાંભળતું જ નથી..!! આજ બતાવે છે કે તમારા વાળા ક્યાં છે..?! અને પ્રજા કેટલી સાથે છે..?! કેવી સાથે છે..?!"

"હા એ તો બે-ચાર જગ્યાએ આઘુ-પાછુ થાય..!! એને જ મુદ્દા બનાવવાના તમારે તો..?! તમારી પાસે બીજું છે શું કહેવા માટે..! અમારી ભુલ એ તમારી લાયકાત એવું સમજો છો તમે..?! પણ યાદ રાખો કોઈને વગોવવાથી આપણે વિરાટ નથી થઈ શકાતું..!! વિરાટતા આપણામાંથી જ પ્રગટવી જોઈએ..!! આપણા સંકલ્પો...આપણી સિદ્ધિ... આપણા શમણાં... આપણું સામર્થ્ય... આપણી શક્તિ... આપણું સંગઠન એ જ મુડી છે. હોવી જોઈએ..!! અને એ મૂડી પર પ્રજા વિશ્વાસ મુકે છે..! પ્રજા મન પણ આપે છે... ને મત પણ આપે છે..!!"

"ખુબ જ સાચી વાત છે... લોકશાહીના અણમોલ પર્વ એ ગાળાગાળી નહીં... ગળે મળીને પોતાના વિચારો વ્યક્ત કરવા જોઈએ..! સત્યનો સ્વીકાર કરવો જોઈએ..! અને અસત્યને અટકાવવું જોઈએ..!! ત્યારે જ આપણે લોકશાહી પર્વની ઉજવણીનો ઉજાસ છેવાડાના માનવી સુધી પહોંચાડી શકીશું..!!"

- નિમિત્ત માત્ર

ચૂંટણીની તારીખો માસાન્તે જાહેર થશે

ચૂંટણીનું જાહેરનામુ ૧૫ નવેમ્બર પછી અને ૧૫ ડિસેમ્બર પહેલાં મતદાન સંપન્ન કરાશે

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતમાં ચૂંટણીની તારીખોની જાહેરાત દિપાવલી પર્વ પછી તુરત જ કરી દેવામાં આવશે. નવેમ્બરના બીજા પખવાડિયામાં ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થશે.

ચૂંટણી પંચના વિશ્વસનીય સાધનોમાંથી પ્રાપ્ત થતા સંકેતો પ્રમાણે બે તબક્કામાં ગુજરાતમાં ચૂંટણી યોજાશે. ચાલુ માસના અંતમાં ચૂંટણીની તારીખો જાહેર થશે. આ સંકેતો પ્રમાણે નવેમ્બરના બીજા પખવાડિયામાં ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થશે.

ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદને પગલે રાહતકાર્યો, મતદારયાદીને લઈ મળેલી ફરિયાદો તેમજ પંચ દ્વારા ચૂંટણી અધિકારીઓની સજ્જતા અને સક્ષમતા કસોટી લેવાના નિર્ણયને પગલે પંચે હિમાચલ પ્રદેશ સાથે ચૂંટણીની તારીખો જાહેર કરવાનું ટાળ્યું હોવાનું મનાઈ રહ્યું છે.

બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ૨ ૨ કે ૨ ઉમીએ ગુજરાતના વધુ એક દિવસના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે પંચ પણ તારીખો જાહેર કરવાની ઉતાવળમાં હોય તેવુ લાગતુ નથી.

પંચની ગુજરાત મુલાકાત વેળાએ જ મતદારયાદીની સુધારણા ઝુંબેશ ૨ પમી ઓક્ટો. સુધી ચાલશે તેવી સ્પષ્ટ વાત કરવામાં આવી હતી જે વાત જ ચૂંટણીની જાહેરાત મોડી થશે તેવા સંકેતો ગણવા જોઈએ તેવી વાતો પણ રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

દિપાવલીના પર્વોનું ગુજરાતમાં આગવુ સ્થાન હોઈ પંચ આચારસંહિતાને લઈ કોઈ સામાન્ય માણસને હેરાન ન થવુ પડે તેની કાળજી પણ લેવા માંગતુ હોવાની વાતો પણ રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

મળતા સંકેતો મુજબ ૧ ૫ નવેમ્બર પછી ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થશે અને ૧ ૫ ડિસેમ્બર સુધીમાં મતદાનની પ્રક્રિયા પણ સંપન્ન થઈ જશે તે રીતે પંચ હાલ આગળ વધી રહેલ છે. ઉમેદવારોને પ્રચાર માટે ૧ ૨ દિવસનો સમય મળશે તેમ પણ સંકેતો જણાવી રહ્યા છે.

હિસાબી ચોપડા - આપણી ભારતીય પરંપરામાં દિવાળીએ ચોપડા પૂજન થાય છે... નાણાંકીય વર્ષ ભલે એપ્રીલથી આરંભાતુ હોય પરંતુ આજે દિવાળીના દિવસે લક્ષ્મી પૂજન અને ચોપડા પૂજનનો મહિમા અકબંધ છે... એકાકી વેપારીથી લઈ કોર્પોરેટ સેક્ટરમાં પણ ચોપડા પૂજનની ધામધૂમ યથાવત છે... સાથોસાથ ચોપડાની ખરીદી પણ પુષ્યનક્ષત્ર કે ધનતેરસ શુભ મુર્હુતમાં જ થાય છે... શુક્રવારે પુષ્યનક્ષત્રમાં ચોપડા ખરીદીમાં મોડી રાત સુધી ભારે ભીડ રહી હતી... વેપારીઓએ પણ ગ્રાહકોનું મીઠાઈથી મો-મીઠુ કરાવ્યું હતું....

શહેરમાં સ્ટ્રીટ લાઈટોનુ મોનિટરીંગ અધિકારીની ચેમ્બરમાંથી થશે

અધિકારીની ચેમ્બરમાં જ સ્ક્રીન મુકાશે જેના આધારે કામગીરીનુ મોનિટરીંગ કરવામાં આવશે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં એલ ઈ ડી લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો ડામવા માટે તંત્ર દ્વારા હેલ્પ લાઈન પણ કાર્યરત છે. જયારે સેકટરોમાં છાશવારે ડુલ રહેતી એલ ઈ ડી લાઈટની ફરિયાદો ડામવા માટે તંત્ર દ્વારા સમયાંતરે સર્વે પણ કરવામાં આવે છે. આમછતા આડેધડ ખોદકામ પણ એલઈડી લાઈટોની ફરિયાદ માટે જવાબદાર હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે બીજીતરફ એલ ઈ ડી લાઈટના મીટરો પણ તસ્કરો દ્વારા તોડી નાંખી કેબલની ચોરી કરવામાં આવતી હોવાની ઘટના પણ પ્રકાશમાં આવી છે. ત્યારે વિજબચતના આશય સાથે શહેરમાં અમલી બનાવાયેલા એલ ઈ ડી લાઈટના પ્રોજેકટને અનુલક્ષી આમ નાગરિકોને યોગ્ય સેવા ન મળતી હોવાનો આક્રોશ પ્રબળ બની રહયો છે. દિવાળી ટાંણે પણ સેકટરોમાં ઘણાં ઠેકાણે અચાનક જ રાત્રિના સમયે લાઈટો ડુલ થઈ જાય છે. શહેરમાં એલ ઈ ડી લાઈટની ફરિયાદો દુર કરવા માટે તંત્ર દ્વારા યોગ્ય મોનિટરીંગ થાય તેવી પણ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર એલ ઈ ડી લાઈટની ફરિયાદો ડામવા માટે ઈલેક્ટ્રીટક વિભાગના અધિકારીની ચેમ્બરમાં જ મોનિટરીંગ થાય તેવી વ્યવસ્થા ગોઠવાશે.

● અનુસંધાન પાન-૫ પર

શહેરની શાળાઓમાં ૬ ઠ્ઠી નવેમ્બર સુધી દિવાળી વેકેશન

દિવાળીને અનુલક્ષી બજારમાં ધમધમાટ : પરિવારજનો દિવાળી પર્વેને લઇને ઉત્સુક : બહારગામ ફરવા જનારા પરિવારોની સંખ્યા પણ વિશેષ

ગાંધીનગર તા ૧૪

શાળાઓમાં દિવાળી વેકેશનનો પ્રારંભ થઈ ગયો છે. ૨ ૧ દિવસીય દિવાળી વેકેશનના અંતે આગામી ૬ નવેમ્બરના રોજ શાળામાં દિવાળીની રજાઓ બાદ બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. શાળાઓમાં વેકેશન પડતા વિદ્યાર્થીઓ અને વાલીઓ હવે હળવા મુડમાં જોવા મળી રહયા છે. અભ્યાસના ભારથી દુર હટીને વિદ્યાર્થીઓ માટે હવે વાલીઓએ લેટ ધેમ પ્લેનો અભિગમ અપનાવ્યો છે. જયારે દિવાળી વેકેશન શરૂ થતા નગરજનો હવે ટુંકા પ્રવાસની તૈયારીમાં પણ લાગી ગયા છે.

શહેરમાં દિપાવલી પર્વની ઉજવણીની તૈયારીઓમાં નગરજનો વ્યસ્ત અને મસ્ત બન્યા છે. દિવાળી પર્વેને અનુલક્ષી સેકટરોના બજારમાં પણ ભીડભાડ જોવા મળી રહી છે. દિવાળી પર્વેને આડે હવે માંડ ત્રણ ચાર દિવસ બાકી રહયા છે. ત્યારે નગરજનો દિપાવલીના પર્વને વધાવવા માટે ઉત્સુક છે. બજારમાં મંદીની અસર જોવા મળતી હોવાની અસર વચ્ચે છેલ્લા બે દિવસથી ઘરાકી ખુલતા વેપારીઓમાં પણ ખુશીની લહેર જોવા મળી રહી છે. જયારે શાળાઓમાં પણ વેકેશન શરૂ થતા

● અનુસંધાન પાન-૫ પર

કુડાસણમાં આજે નવનિર્મિત સર્કલનું લોકાર્પણ

ગુડા સંચાલિત સાયકલ પ્રોજેકટની મોબાઈલ એપ્લીકેશન અને વેબપોર્ટલનુ અનાવરણ : રીલાયન્સ ચોકડી પાસે આવેલ સર્કલ પર પંડિત દિનદયાલ ઉપાધ્યાયની પ્રતિમાનુ પણ અનાવરણ કરાશે



ગાંધીનગર તા ૧૪

ગુડા દ્વારા આજે કુડાસણમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાનુ અનાવરણ અને નવનિર્મિત સર્કલનુ લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત કુડાસણ -સરગાસણ માર્ગનુ નામકરણ તેમજ સાયકલ શેરીંગ પ્રોજેકટની મોબાઈલ એપ્લિકેશન અને વેબપોર્ટલનુ પણ અનાવરણ કરાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો તબક્કાવાર હાથ ધરવામાં આવી રહયા છે. ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામો અને ટી પી વિસ્તારમાં એલ ઈ ડી લાઈટની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જયારે ગુડાના નવ વિકસિત વિસ્તારમાં નવી આવાસ યોજના અસ્તિત્વમાં આવી રહી છે. ત્યારે સ્થાનિક વિસ્તારોમાં રોડ નેટવર્ક તેમજ પાણી ગટરના કામો પણ હાથ ધરવામાં આવી રહયા છે. પાણી ગટરના નેટવર્કને યોગ્ય કરવા માટે પાઈપલાઈનનુ કામ પણ ચાલી રહયુ છે. જયારે ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી પુરુ પાડવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. ગુડા વિસ્તારમાં નવા બગીચા તેમજ એમ્યુઝમેન્ટ પાર્ક સહીત રંગમંચ બનાવાનુ પણ આયોજન કરી દેવાયુ છે. થોડા સમય અગાઉ જ આ કામોનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ છે.

● અનુસંધાન પાન-૫ પર

આવતીકાલથી કોંગીની સ્ક્રીનીંગ સમિતિની ત્રિદિવસીય બેઠક

ઉમેદવારોની પસંદગી મુદ્દે ચર્ચા વિચારણા થશે : વિધાનસભા ચૂંટણીને લઇને કોંગ્રેસે સોમવારે ચૂંટણીલક્ષી તાકીદની બેઠક યોજાઈ છે

અમદાવાદ, તા.૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટીની બેઠક તા.૧૬,૧૭ અને ૧૮ ઓકટોબર એમ ત્રણ દિવસ દરમ્યાન શહેરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે મળશે. જેમાં સ્ક્રીનીંગ કમીટીના ચેરમેન સહિતના પદાધિકારીઓ ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે ઉમેદવારોની પસંદગીના મુદ્દે મહત્વપૂર્ણ ચર્ચા વિચારણા હાથ ધરશે. બીજીબાજુ, સોમવારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા એક મહત્વની ચૂંટણીલક્ષી બેઠક પણ બોલાવવામાં આવી છે, જેમાં વિધાનસભા ચૂંટણીઓને લઈ આગળની રણનીતિ નક્કી કરવામાં આવશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસમાં બેઠકોનો ધમધમાટ ચાલુ રહ્યો છે. તાજેતરમાં જ ગુજરાત કોંગ્રેસના નેતાઓ ભરતસિંહ સોલંકી, મોહનસિંહ રાઠવા સહિતના નેતાઓ દિલ્હી ખાતે સ્ક્રીનીંગ કમીટીની બેઠકમાં ઉમેદવારોની પસંદગીના મુદ્દે ભાગ લેવા ગયા હતા પરંતુ આ મામલે કોઈ ખાસ નિર્ણય થઈ શકયો ન હતો.

દરમ્યાન હવે સ્ક્રીનીંગ કમીટીના અધ્યક્ષ બાલાસાહેબ થોરાટના વડપણ હેઠળ એક મહત્વની બેઠક તા.૧૬,૧૭ અને ૧૮ ઓકટોબર એટલે કે, સોમ, મંગળ અને બુધવારે અમદાવાદમાં જીપીસીસી ખાતે મળવા જઈ રહી છે. જેમાં પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, સિનિયર નેતાઓ શકિતસિંહ ગોહિલ, અર્જુનભાઈ મોઢવાડિયા સહિતના અગ્રણી નેતાઓ અને આગેવાનો ભાગ લેશે. સ્ક્રીનીંગ કમીટીના પદાધિકારીઓ ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો પર કયા ઉમેદવારોને ઉભા રાખવા અને કઈ બેઠક પર કઈ જ્ઞાતિનું કાર્ડ હુકમનો એક્કો સાબિત થશે તે સહિતની બાબતોને લઈ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે. બેઠકમાં ઉમેદવારોની પસંદગીની પ્રાથમિક પ્રક્રિયા હાથ ધરી અમુક નામો પર સર્વસંમતિ સધાય તેવી પણ શકયતા છે.

ચેક પરત થવાના કેસમાં આરોપીને એક વર્ષની સજા

ગાંધીનગર તા ૧૪

ચેક પરત થવાના કેસમાં અમદાવાદની એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટનની કોર્ટે આરોપીને એક વર્ષની કેદની સજા તેમજ ચેકની રકમનુ વળતર ચુકવવા માટે આદેશ કર્યો છે. આ કેસની વિગત અનુસાર ગાંધીનગર જિલ્લાના ચંડીસણા ગામમાં રહેતા અશોક ઈશ્વરલાલ પ્રજાપતિએ ટ્રેકટર ખરીદવા માટે ટી વી એસ કેડીટ સર્વિસ નામની ફાઈનાન્સ કંપની પાસે રૂ પ.૭૩૯૭૬ની લોન લીધી હતી. ૬ મહીનાના એક એવા આઠ હપ્તાથી લીધેલી લોન સંદર્ભે વર્ષ ૨૦૧૪માં હપ્તો ભર્યા બાદ ચુકવણી બંધ કરી દીધી હતી. જેના લીધે કંપનીએ અમદાવાદની નેગોશીયેબલ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.

જેમાં ટી વી એસ કેડીટ સર્વિસના ફરિયાદી બની ભદ્રેશ બારોટે ફરિયાદ દાખલ કરી હતી. આ કેસમાં ટી વી એસ કેડીટ સર્વિસ વતી વકીલ તરીકે તરૂણ ધર્માવત કાર્ટ સમક્ષ દલીલો કરી હતી. જે દલીલોને ધ્યાને લઈ કોર્ટે આરોપીને એક વર્ષની સજા તેમજ ચેકનુ વળતર ચુકવવા માટે હુકમ કર્યો છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com